# ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ

## પાવાગઢ રોડ, હાલોલ-૩૮૯૩૫૦

### જાહેરાત નં.૦૩/૨૦૨૫ (બિન શૈક્ષણિક)

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલમાં નીચે મુજબ નિયમિત પગાર ધોરણવાળી વર્ગ-૧ અને વર્ગ-૨ (ટેબલ-૧), જયારે વર્ગ-૩ સંવર્ગની મંજૂર થયેલ જગ્યાઓ (ટેબલ-૨) મુજબ સીધી ભરતીથી ભરવા શરૂઆતના પાંચ વર્ષ માટે ફીકસ પગારથી કરાર આધારિત નિમણુંક માટે ઓનલાઈન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://goau.gujarat.gov.in વેબસાઈટ પર તા.૨૫/૦૨/૨૦૨૫ થી તા.૨૬/૦૩/૨૦૨૫ (સાંજના ૧૭:૦૦ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.

**ટેબલ-૧ (વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની ભરતી માટેની જગ્યાઓ દર્શાવતું પત્રક)**

| અ. નં. | જગ્યાનું નામ, પગાર ધોરણ | વર્ગ | જગ્યાઓની સંખ્યા | દરેક જાતિ પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓની સંખ્યા | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | UR | SC | ST. | SEBC | EWS | UR | SC | ST | SEBC | EWS | PWD | Ex Army |
| ૧ | ઇન્ફોર્મેશન ટેકનોલોજી નિયામક (૭૯૮૦૦-૨૧૧૫૦૦) | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨ | મદદનીશ કુલસચિવ (૫૬૧૦૦-૧૭૭૫૦૦) | ૨ | ૧ | ૧ | - | - | - | | - | - | - | - | - | - | - |
| ૩ | પ્લાનિંગ ઓફિસર (૬૭૭૦૦-૨૦૮૭૦૦) | ૨ | ૧ | ૧ | - | - | - | | - | - | - | - | - | - | - |
| ૪ | હિસાબી અધિકારી (૪૪૯૦૦-૧૪૨૪૦૦) | ૨ | ૧ | ૧ | - | - | - | | - | - | - | - | - | - | - |
| ૫ | મદદનીશ વહીવટી અધિકારી (૪૪૯૦૦-૧૪૨૪૦૦) | ૨ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | | |

## ટેબલ-૨(વર્ગ-૩ સંવર્ગની ભરતી માટેની જગ્યાઓ દર્શાવતું પત્રક)

| અ. નં. | જગ્યાનું નામ, પગાર ધોરણ | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર પ્રતિ માસ | જગ્યા ઓની સંખ્યા | દરેક જાતિ પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓની સંખ્યા | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | UR | SC | ST | SEBC | EWS | UR | SC | ST | SEBC | EWS | PWD | Ex Army |
| ૧ | ઉચ્ચ સંશોધન મદદનીશ અને ખેતી અધિકારી (૩૯૯૦૦-૧૨૬૬૦૦) | ૪૯૬૦૦/- | ૧૯ | ૧૦ | ૧ | ૨ | ૫ | ૧ | ૩ | - | - | ૨ | - | ૧ | ૧ |
| ૨ | જુનિયર ક્લાર્ક (૧૯૯૦૦-૬૨૩૦૦) | ૨૬૦૦૦/- | ૨૧ | ૧૦ | ૧ | ૩ | ૫ | ૨ | ૩ | - | ૧ | ૨ | - | ૧ | ૧ |
| ૩ | વેટેનરી અધિકારી અને સમકક્ષ (૩૯૯૦૦-૧૨૬૬૦૦) | ૪૯૬૦૦/- | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૪ | ખેતી મદદનીશ (૨૫૫૦૦-૮૧૧૦૦) | ૨૬૦૦૦/- | ૧૩ | ૮ | - | ૧ | ૩ | ૧ | ૨ | - | - | ૧ | - | ૧ | - |
| ૫ | જુનિયર ઇજનેર (સિવિલ) (૩૯૯૦૦-૧૨૬૬૦૦) | ૪૯૬૦૦/- | ૩ | ૩ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૬ | જુનિયર ઇજનેર (ઈલેટ્રીકલ) (૩૯૯૦૦-૧૨૬૬૦૦) | ૪૯૬૦૦/- | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | પર્સનલ આસિસ્ટન્ટ (સ્ટેનો ગ્રેડ-૩) (૨૫૫૦૦-૮૧૧૦૦) | ૨૬૦૦૦/- | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૮ | લેબોરેટરી ટેક્નિશિયન અને સમકક્ષ (૨૯૨૦૦-૯૨૩૦૦) | ૪૦૮૦૦/- | ૫ | ૪ | - | - | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૯ | લેબોરેટરી આસિસ્ટન્ટ (૨૯૨૦૦-૯૨૩૦૦) | ૪૦૮૦૦/- | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |

* PwD Candidate shall be of any of the category

| No. | Name of post | Person with Disability | | | | |
|---|---|---|---|---|---|---|
| | | A | B | C | D | E |
| 1. | ઉચ્ચ સંશોધન મદદનીશ અને ખેતી અધિકારી/ સીનીયર રીસર્ચ આસિસ્ટન્ટ | D, HH | OA, BA, OL, OAL, Dw, AAV, SD & SI | ASD(M, MoD), ID, SLD, MI | MD involving (a) to (c) above | - |
| 2. | ખેતી મદદનીશ | LV | D, HH | OL, BL, CP, LC, Dw, AAV, SD & SI | ASD(M), ID,SLD, MI | MD involving (a) to (d) above |
| 3. | જુનિયર ક્લાર્ક | B, LV | D, HH | OA, BA, OL, OAL, CP,LC, Dw, AAV | ASD (M, MoD), ID, SLD, MI | MD involving (A) to (D) above |

| | |
|---|---|
| (૧) | **અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના જ ઉમેદવારો માટે છે. જેથી અન્ય** રાજયના ઉમેદવારોએ **અનામત** જગ્યા માટે અરજી કરવી નહિ. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતી અંગેનું પ્રમાણ પત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈએ. |
| (૨) | અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત ઓનલાઈન અરજી ભરતા પહેલા ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે |
| (૩) | પસંદગીની પ્રક્રિયા આ જાહેરાતમાં મુદ્દા **નંબર-૨૫**માં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી પધ્ધતિની લેખિત પરીક્ષા હાથ ધરવામાં આવશે |
| (૪) | પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. (SMS)/ઇ-મેઇલ અને યુનિવર્સિટીની વેબસાઇટ પર આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો. તેમજ પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે જ મોબાઈલ નંબર જાળવી રાખવો જરૂરી છે. |
| (૫) | **જરૂરી વર્ગ ૧, ૨ અને વર્ગ ૩ની શૈક્ષણિક લાયકાતની વિગતો,:-** |

| અ. નં. | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|
| 1 | Director of information technology | Essential Qualifications:<br>1. First Class at Bachelor degree<br>2. Master's degree in Computer Engineering / Information Technology / Computer Science / Agricultural Information Technology / Computer Application and<br>3. Ph.D. in any of above subjects<br>Experience: Eight years' experience in Teaching, Industry, Research, networking, programming at the level of Assistant Professor or its equivalent pay. | Less than 55 years |
| 2 | Assistant Registrar | Essential Qualifications:<br>1. Atleast Bachelor degree holder in any discipline with not less than 55% marks.<br>2. Master degree with at least 55% of the marks or its equivalent grade of 'B' in the UGC 7 point scale along with a good academic record as laid down by UGC.<br>Desirable: (1) Two years post graduate degree/diploma in MBA is desirable.<br>3. Passed the Examination of CCC+ of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Less than 35 years |
| 3 | Planning officer | Essential Qualifications:<br>1. Class-II Bachelor's degree of a recognised university in Agril. Faculty.<br>2. A Master's degree in field of the Agril. Faculty with at least 55% of marks or its equivalent grade.<br>3. Ph.D. in any field of Agricultural Faculty.<br>4. Total five years of experience as Assistant Professor, out of which three years must be in the field of Planning, Monitoring and Project Evaluation.<br>5. Passed the Examination of CCC+ of DOEACC or of the equivalent level examination determined by the State | Less than 45 years |

| | | | |
|---|---|---|---|
| | | Government from time to time. If not, should pass the examination within the probation period. | |
| 4 | Account officer | Essential Qualifications:<br>1. Candidate must be a graduate in commerce and chartered accountant having experience in supervisory capacity of at least five years in maintenance of accounts in Government / Government undertaking / Limited Company. | Less than 35 years |
| 5 | Assistant Administrative Officer | Essential Qualifications:<br>1. Candidate must be a graduate in commerce and chartered accountant having experience in supervisory capacity of atleast five years in maintenance of accounts in Government / Government undertaking / Limited Company. | Less than 35 years |
| 6 | Senior Research Assistant/ Agricultural Officer | Essential Qualifications:<br>1. At least First class Bachelor's degree in Agriculture/ Horticulture faculty.<br>**OR**<br>1. A second class master 's degree in any subject of Agriculture/ Horticulture faculty.<br>2. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Between 18 to 35 years |
| 7 | Junior Clerk | Essential Qualifications:<br>1. Candidate should have passed graduate in any discipline.<br>2. Should possess the speed in Gujarati typing 25 words per minutes<br>**OR**<br>2. English Typing 40 words per minute.<br>3. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Between 18 to 35 years |
| 8 | Veterinary Officer | Essential Qualifications:<br>1. The candidate should have passed the Second-Class B.V.Sc. and A.H. degree or its equivalent degree in Second Class.<br>2. The candidate should be the Member of State Veterinary Council OR Veterinary Council of India.<br>3. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Between 18 to 35 years |
| 9 | Field Assistant/ Agricultural Assistant | Essential Qualifications:<br>1. Two / three years diploma course in Agricultural/Horticulture in concerned discipline/faculty.<br>2. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Between 18 to 33 years |
| 10 | Junior Engineer (Civil) | Essential Qualifications:<br>1. A second class Bachelor's degree in Civil Engineering of a recognised University.<br>2. At least Two years' experience in estimate, quantity and supervision of building.<br>3. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Between 18 to 35 years |

| | | | |
|---|---|---|---|
| | | Preferable:<br>4. Master Degree will be preferable. | |
| 11 | Junior Engineering (Electrical) | Essential Qualifications:<br>1. Candidate have possess a Second Class Bachelor 's degree in Electrical Engineering of a recognised University.<br>2. At least two years' experience in estimation and execution of electrical work.<br>3. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period.<br>**Preferable:**<br>4. Master Degree will be preferable. | Between 18 to 35 years |
| 12 | Stenographer Grade-III (English) | Essential Qualifications:<br>1. Candidate must possess a B.A. / B.Com. / B.Sc. Degree from the recognized University.<br>2. Should have the speed of not less than 80 words per minute in short hand and 40 words per minute in English typewriting.<br>3. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Between 18 to 35 years |
| 13 | Laboratory Technician | Essential Qualifications:<br>1. Second class bachelor's degree in Agri.Biotech/ Agri-microbiology/ Microbiology/ Chemistry/ Bio-chemistry/ Home Science/ Nutrition/ Food Processing Technology as the case may be.<br>2. He should have received training as Laboratory Technician at an Institution recognised by the Government.<br>3. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Between 18 to 35 years |
| 14 | Laboratory Assistant | Essential Qualifications:<br>1. Second class bachelor's degree in Agri.Biotech/ Agri-microbiology/ Microbiology/ Chemistry/ Bio-chemistry/ Home Science/ Nutrition/ Food Processing Technology as the case may be.<br>2. He should have received training as Laboratory Technician at an Institution recognised by the Government.<br>3. Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | Between 18 to 35 years |

| | |
|---|---|
| (૬) | ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓના સેવા(બિનશૈક્ષણિક કર્મચારી ભરતી) નિયમ-૨૦૧૧ ના સ્ટેચ્યુટ એસ-૧૧૬ મુજબ વયમર્યાદા દર્શાવેલ છે. તેમાં ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫, તા.૨૯/૦૯/૨૦૧૨ તથા વખતોવખતના ઠરાવ મુજબ જે તે જગ્યા માટે વયમર્યાદામાં વધારો/ ઘટાડો કરવામાં આવશે. |
| (૭) | ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહીં. |

| | |
|---|---|
| (૮) | ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ધરાવતા હોવા જોઈએ. |
| (૯) | ઉમેદવારે સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રકો અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે |
| (૧૦) | ઉપરોક્ત શૈક્ષણિક લાયકાત ઉપરાંત **કોમ્પ્યુટર કૌશલ્યની** સી.સી.સી. કક્ષાની પરીક્ષા પાસ કરેલ હોય તે અંગેનું નામદાર સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી **અથવા** સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્ર **અથવા** ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. |
| (૧૧) | ઓનલાઈન અરજી માટેની ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવા પાત્ર નથી. |
| (૧૨) | ઓનલાઈન અરજી કરતાં પહેલા વિગતવાર જાહેરાત અને સૂચનાઓ વાંચી સમજીને અરજી કરવાની રહેશે. ઉમેદવારે સૌ પ્રથમ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. એપ્લિકેશન નંબર (યુઝર નેમ) જનરેટ થશે અને આપેલ ઈ-મેઈલમાં આપવામાં આવશે. ત્યારબાદ આપેલ credential દ્વારા login કરી ઓનલાઇ અરજી કરવાની રહેશે. જે હવે પછીની બધીજ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. જેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ભૂલચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ભરવામાં આવેલ ઓનલાઈન અરજી ફોર્મની પ્રિન્ટ નકલ તથા ઓનલાઈન અરજીમાં દર્શાવેલ તમામ અસલ પ્રમાણપત્રો યુનિવર્સિટી દ્વારા રૂબરૂમાં ચકાસણી અર્થે બોલાવવામાં આવે ત્યારે રજૂ કરવાના રહેશે જેની અચૂક નોંધ લેવી. |
| (૧૩) | ઓનલાઈન અરજી પત્રક ઉપર નિયત કરેલ જગ્યાએ તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટો ૫.૦ સેમી લંબાઈ અને ૩.૬ સેમી પહોળાઈ અને સાઈઝનું માપ ૨.૫ લંબાઈ અને ૭.૫ સેમી પહોળાઈ રાખવી) ૧૫ Kb અને સહી ૧૫ Kb થી વધારે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઈન અરજીમાં અવશ્ય અપલોડ કરવાનો રહેશે તેમજ ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. જરૂર જણાએ મંગાવવામાં આવશે. |
| (૧૪) | ઓનલાઈન અરજી કરતી વખતે પ્રમાનપત્રોની વિગતોને આધારે ઓનલાઈન અરજીમાં સમગ્ર વિગતો ભરવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીની વિગતો ખોટી/અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી/પસંદગી/નિમણૂકને રદ કરવામાં આવશે. અરજી પત્રકમાં ઓનલાઈન ભરેલ વિગતોની કોઈપણ પ્રકારની ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરિક્ષા માટે કામચલાઉ દાખલ કરી પરીક્ષા આપવા દેવામાં આવશે પરંતુ પસંદ થયેલ ઉમેદવારોની નિમણૂક સમયે તેમના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધીન રહેશે. |
| (૧૫) | ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ના નિયમ ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ. |
| **(૧૬)** | વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ માટે ઓનલાઈન ભરેલ અરજી પત્રક, ચલણ અને દસ્તાવેજો (પ્રમાણપત્રો)ની પ્રમાણિત નકલ સાથેની પ્રિન્ટ નકલ "કુલસચિવશ્રીની કચેરી, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, મુ. હાલોલ, પાવાગઢ રોડ, તા. હાલોલ, જી. પંચમહાલ-૩૮૯૩૫૦" સરનામે **તા.૩૧/03/૨૦૨૫** ના રોજ સાંજના **૧૭:00 કલાક સુધીમાં ટપાલ** (આર.પી.એડી.) કે કુરીયરથી સ્વીકારવામાં |

| | |
|---|---|
| | આવશે. ત્યારબાદ ટપાલ (આર.પી.એડી.) કે કુરીયરથી કોઈપણ કારણસર કચેરી ખાતે મોડી મળેલ/આવેલ અરજીઓ ગ્રાહ્ય/ધ્યાને લેવામાં આવશે નહિ. વર્ગ-૩ ની જગ્યાઓ માટે ફક્ત ઓનલાઈન અરજી કરવાની રહેશે, તેઓએ અરજીની હાર્ડકોપી મોકલવાની રહેશે નહી. |
| (૧૭) | **વયમર્યાદામાં છૂટછાટ :-**<br>મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.<br>૧) સામાન્ય મહિલા ઉમેદવારોને — ૦૫ વર્ષ<br>૨) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને — ૦૫ વર્ષ<br>૩) અનામત વર્ગના મહિલા ઉમેદવારોને — ૧૦ વર્ષ<br>૪) સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને — ૧૦ વર્ષ<br>૫) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને — ૧૫ વર્ષ<br>૬) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને — ૧૫ વર્ષ<br>૭) અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને — ૨૦ વર્ષ<br>૮) માજી સૈનિક ઉમેદવારો નીચેની નોંધના મુદ્દા (૪) મુજબ. |
| (૧૮) | (૧) શારીરિક ખોડખાંપણની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ધરાવતા હશે, તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.<br>(૨) શારીરિક અશકતતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.<br>(૩) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહી.<br>(૪) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.<br>(૫) અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના જ ઉમેદવારો માટે છે. અનામત વર્ગના ઉમેદવાર બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેવા કિસ્સામાં વયમર્યાદા અને લાયકાત વગેરે અંગે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.<br>(૬) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે, તે ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષ ની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| (૧૯) | મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા સંબધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે. |
| (૨૦) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનાનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતાના વિભાગના **તા.૬/૧૨/૧૯૯૬** તથા વખતો વખતના ઠરાવથી નિયત થયેલ નમુનામાં પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. |

| | |
|---|---|
| | **તા.૧/૪/૨૦૨૩ થી તા. ૩૧/૩/૨૦૨૪ના** સમયગાળાની આવકને ધ્યાને લઈ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેના અસલ પ્રમાણપત્રનો નંબર અને તેની તારીખ અરજીમાં દર્શાવવાનો રહેશે. પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવુ પ્રમાણપત્ર રજુ ન કરી શકતાં ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો, તેઓની ઉમેદવારી રદ થશે. આથી અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમુનાનું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે. |
| (૨૧) | તમામ ઉમેદવારોના કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, અનુભવ, વયમર્યાદા **તા.૨૪/૦૨/૨૦૨૫**ની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે. અન્ય તમામ બાબતો માટે પણ **Cutoff Date તા.૨૪/૦૨/૨૦૨૫** ગણવાની રહેશે. |
| (૨૨) | ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈશે. તેમજ સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩ના ઉમેદવાર ગુજરાતી અથવા અંગ્રેજી અથવા બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈશે. |
| (૨૩) | **સામાન્ય શરતો :-**<br>❖ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરીણિત મહિલા ઉમેદવાર આવુ નોન-ક્રીમીલીયેર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઈશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહીં.<br>❖ એથેલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઈફલશુટિંગ, ખોખો, તીરદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રિય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૭૭/૨૬૬૦/ગર તથા તા. ૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકકદાર થશે. Sport માં અરજી કરનાર ઉમેદવાર જો યુનિવર્સિટી માંગે ત્યારે આવું પ્રમાણપત્ર રજુ નહી કરી શકે તો આવા ઉમેદવારને Sport ના ગુણ મળવાપાત્ર થશે નહીં અને અરજી રદ થશે.<br>❖ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારોને માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણુંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત યુનિવર્સિટી માંગે ત્યારે તેના તમામ પુરાવા યુનિવર્સિટી ને અસલમાં રજૂ કરવાના રહેશે. |
| (૨૪) | **સામાન્ય સૂચનાઓ:-**<br>❖ જો એકથી વધુ જગ્યા માટે અરજી કરવી હોય તો, દરેક જગ્યા માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે અને અરજી ફી પણ અલગ ભરવાની રહેશે.<br>❖ ઉમેદવારે અરજી મોકલતી વખતે **કવર ઉપર "જગ્યાનું નામ"** દર્શાવવાનું રહેશે. |

| | |
|---|---|
| | ❖ શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક ખોડખાપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ નહી કરી શકનાર ઉમેદવારનું અરજીપત્ર જે તે તબક્કે રદ કરવાપાત્ર થશે.<br>❖ ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જાતિ (કેટેગરી)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ઓનલાઈન અરજીમાં ઉમેદવારે દર્શાવેલી કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો, તેવી અરજી રદ કરવાપાત્ર થશે.<br>❖ ફીકસ પગારથી લાયક ઉમેદવારને **પાંચ(૫)** વર્ષનાં અજમાયશી ધોરણે યુનિવર્સિટી ખાતેની જગ્યા ઉપર નિમણુંક સત્તાધિકારી ધ્વારા નિમણુંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાના નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળામાં પાસ કરવાની રહેશે.<br>❖ ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણુંક રદ કરી પડતો મુકી શકશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.<br>❖ ઉમેદવારોએ કચેરી તરફથી સ્પર્ધાત્મક પરીક્ષા કે સર્ટીફીકેટ વેરીફિકેશન માટે આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.<br>❖ ઉપરોકત તમામ જગ્યાઓ રાજય સરકારશ્રીના પ્રવર્તમાન અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવામાં આવશે.<br>❖ આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી મળવાપાત્ર થશે નહીં. |
| (૨૫) | **પસંદગી પ્રક્રિયા:-**<br>❖ લેખિત પરીક્ષા માટે લાયક ઉમેદવારોની યાદી યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે, જે અંગેની જાણ SMS અને ઇ-મેઇલથી કરવામાં આવશે. આ માટે અલગથી વર્તમાનપત્રમાં જાહેરાત કે વ્યક્તિગત પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.<br>(અ) વર્ગ ૩ની દર્શાવેલ જગ્યાઓ પૈકી ખેતી મદદનીશ અને જુનિયર ક્લાર્કની પરીક્ષા પદ્ધતિમાં પેપર ગુજરાતીમાં રહેશે અને બાકીની સંવર્ગોની પરીક્ષાના પેપરો અંગ્રેજીમાં રહેશે.<br>(બ) સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(અંગ્રેજી) ની જગ્યા ઉપર પસંદગી માટે ઉમેદવારે નીચે મુજબની સ્પર્ધાત્મક અને પ્રાયોગિક પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પસંદગી પ્રક્રિયા માટે કુલ ગુણની ગણત્રી માટે ૫૦%, લેખિત પરીક્ષાના અને પ્રાયોગિક પરીક્ષા ૨૦% અને લઘુલીપીની ૩૦%.<br>(૧) લેખિત કસોટી: (હેતુલક્ષી પ્રશ્ન પેપર) ગુણ- ૧૦૦ સમય: ૯૦ મીનીટ ની રહેશે.<br>સામાન્ય જ્ઞાન, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી અને જેતે કેડરના વિષયને લગતા પ્રશ્નોનું પેપર ઓબ્જેકટીવ પ્રકારનું Multiple Choice Question (MCQ) ધરાવતું હશે. |

| | |
|---|---|
| | (૨) જુનિયર ક્લાર્ક/સ્ટેનોગ્રાફર સંવર્ગ માટે ટાઈપિંગ ટેસ્ટ: લેખિત પરીક્ષાના ગુણના આધારે તૈયાર કરવામાં આવેલ મેરીટ યાદીના આધારે પસંદગી પામેલ ઉમેદવારોએ ટાઈપીંગ પરીક્ષા આપવાની રહેશે.<br>પરીક્ષામાં બેસવા માટે હોલ ટીકીટ https://goau.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારે પોતાનો Application ID Number નાખીને ડાઉનલોડ કરી મેળવી લેવાની રહેશે. હોલ ટીકીટના આધારે લેખિત પરીક્ષાનો બેઠક નંબર જાણી શકાશે.<br>(ડ) લેખિત અને પ્રાયોગિક પરીક્ષાની તારીખ યુનિવર્સિટી વેબસાઈટ https://goau.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે. |
| (૨૬) | નિમણુંક પામતા ઉમેદવારોને નાણાં વિભાગના વખતો વખતના ઠરાવથી સુધાર્યા અનુસાર ફીકસ પગારનો દર લાગુ પડશે તેમજ સરકારશ્રી ધ્વારા વખતો વખત કરવામાં આવતા સુધારાઓ લાગુ પાડવામાં આવશે.<br>શરૂઆતના પાંચ વર્ષની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવ મુજબ ઠરાવેલ શરતો અને બોલીઓ મુજબ સંતોષકારક રીતે પુરી થયેથી જે તે સંવર્ગમાં જે તે પ્રવર્તમાન પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાપાત્ર થશે. તેમજ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ધારા ધોરણો લાગુ પડશે. |
| (૨૭) | આ જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે તેમજ ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણય માટે યુનિવર્સિટીને હકક અબાધિત રહેશે. યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. |
| (૨૮) | પરીક્ષા ફી:- |

| ક્રમ | વિગત | અરજી ફીની રકમ રૂ. |
|---|---|---|
| ૧ | જનરલ કેટેગરીના પુરુષ/મહિલા ઉમેદવારો માટે | ₹ ૧૦૦૦ /- + બેંક ટ્રાન્ઝેક્શન ચાર્જિસ |
| ૨ | અનામત વર્ગના પુરુષ/મહિલા ઉમેદવારો (EWS/SC/ST/SEBC/Pwd) | ₹ ૨૫૦ + બેંક ટ્રાન્ઝેક્શન ચાર્જિસ |
| 3 | Ex Service Man | શૂન્ય |

- ઉમેદવારોએ ફી ભર્યાની ઓરીજનલ ચલણ પરીક્ષા સમયે સાથે ફરજિયાત લાવવાની રહેશે. તે સિવાય ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.
- ફી ભરવાની છેલ્લી <u>તા.૨૬-૦૩-૨૦૨૫</u> રહેશે.
- અન્ય કોઈપણ રીતે ફી અત્રેની કચેરી ખાતે સ્વીકારવામાં આવશે નહીં.

| | |
|---|---|
| (૨૯) | **ઓનલાઈન અરજી કરવાની રીત :-**<br>આ જાહેરાતના સંદર્ભમાં ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ધ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા મુજબ **તા.૨૫/૦૨/૨૦૨૫ થી તા.૨૬/૦૩/૨૦૨૫** (સમય **સાંજના ૧૭:૦૦** કલાક સુધી) દરમ્યાન https://goau.gujarat.gov.in/ વેબસાઈટ પર અરજીપત્રક ભરી શકશે. ઓનલાઈન ફોર્મ ભરવાની વિગતવાર સુચના "User Manual" માં આપવામાં આવશે જે-તે ઉમેદવારે ફોમ ભરતા પહેલા અચૂક જોઈ લેવી. |
| (૩૦) | ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરુદ્ધ પગલાં:<br>૧. પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે |

| | |
|---|---|
| | ૨. બીજાનું નામ ધારણ કરવા માટે<br>૩. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે<br>૪. બનાવટી ખોટ દસ્તાવેજો રજૂ કરવા અથવા તેમાં ચેડાં કરી રજૂ કરવા<br>૫. મહત્વની માહિતી છુપાવવવી કે ખોટ નિવેદનો કરવા<br>૬. પરીક્ષા માટે ઉમેદવારી સંબધમાં અયોગ્ય સાધનોનો આશ્રય લેવા બાબત<br>૭. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવો, નકલ કરવી, પુસ્તક, કાપલી કે હસ્તલિખિત સાહિત્યનો ઉપયોગ કરવો, વાતચીત દ્વારા નકલ કરવી આવી કોઈ પણ પ્રકારની ગેરરીતિ આચરવી<br>૮. લખાણોમાં અશ્લીલ કે બિભસ્ત ભાષાનો ઉપયોગ કરવો<br>૯. પરીક્ષા ખાંડમાં ગેરરીતિ આચરવી કે સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક ઇજા પહોંચાડવી.<br>૧૦. પરીક્ષા ખંડમાં આપેલ સૂચનાઓનો ભંગ કરવો, ઇલેક્ટ્રોનિક ઉપકરણોથી ગેરરીતિ આચરવી.<br>ઉપરોક્ત સૂચનાઓનોના ભંગ બદલ ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે. આથી ઉમેદવારોને ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજી પત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં અને ખોટ/બનાવટી પુરાવા કે દસ્તાવેજ રજૂ કરવા નહીં. |
| (૩૧) | વર્ગ ૧ અને વર્ગ ૨ ની ભરતી/પસંદગી પ્રક્રિયા માટે ઇંટરવ્યૂ લેવામાં આવશે, જો કોઈ સંવર્ગમાં ૧૦ થી વધુ અરજીઓની સંખ્યા થશે તો સ્ક્રિનિંગ ટેસ્ટ લેવામાં આવશે અને ત્યાર બાદ અગ્રતા ક્રમ મેળવનાર ઉમેદવારોના ઇન્ટરવ્યૂ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ માટેની તમામ માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે, જેની ઉમેદવારોએ નોંધ લેવી. |
| (૩૨) | અન્ય વિગતો:- |
| | વેબસાઈટ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરવાની તારીખ : ૨૫/૦૨/૨૦૨૫ થી ૨૬/૦૩/૨૦૨૫ |
| | ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરવાની તારીખ : ૨૫/૦૨/૨૦૨૫ થી ૨૬/૦૩/૨૦૨૫ |
| | વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની ઓનલાઈન ભરેલ અરજીપત્રક, ચલણ અને દસ્તાવેજો (પ્રમાણપત્રો)ની સ્વપ્રમાણિત નકલ હાર્ડકોપીમાં અત્રેની કચેરીને પહોંચતી કરવાની તારીખ : ૩૧/૦૩/૨૦૨૫ |

૨૧/૨/૨૦૨૫

(ઈન્ચાર્જ) કુલસચિવ
ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી
હાલોલ

હાલોલ
તા.૨૧/૦૨/૨૦૨૫